૨.૬ અન્ય લોન / સહાય :

લોન / સહાય લેતા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર / લેપટોપ માટે પણ ટ્રસ્ટના નિયમ અનુસાર લોન/સહાય આપવામાં આવે છે.

કોલેજમાં અભ્યાસ માટે બહારગામ અપડાઉન કરતા વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૧૫,૦૦૦/- સુધીની બસ ભાડા પેટે તેમજ બહારગામ હોસ્ટેલમાં રહીને ભણતા વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- સુધીની લોન/સહાય આપવામાં આવે છે.

૧) ICAI દ્વારા માન્ય ક્લાસીસની ફી આપવા અંગે ટ્રસ્ટ ક્લાસીસની ગુણવત્તા અંગે તપાસ કરીને નિર્ણય લેશે અને તે નિર્ણય આખરી ગણાશે.

૨) C.A. ના અભ્યાસક્રમ માટે Intermediate, ICWA ના અભ્યાસક્રમ માટે ICWA Intermediate તથા C.S.ના અભ્યાસક્રમોની ફાઈનલ પરીક્ષા લોન/સહાય લીધાની લીધાની ૩૦ માસમાં પાસ કરવાની રહેશે. જો વિદ્યાર્થી મુકરર કરેલ સમયમાં જે તે પરીક્ષા પાસ નહી કરે તો તેને લોન/સહાય માટે આપેલી રકમ તાત્કાલીક પરત કરવાની રહેશે.

૩) ઉપર નોંધ (૨) માં જણાવેલ અભ્યાસક્રમો માટે જે તે ઈન્સ્ટીટ્યુશનના નિયમ અનુસાર સ્ટેજ વાઈઝ જરૂરી રજીસ્ટ્રેશન કરાવી તેનો કન્ફરમેશન લેટર આવ્યા બાદ જ ફી આપવામાં આવશે.

૩.૦ અરજીપત્રક સાથે બીડવાના પ્રમાણપત્રો (ઝેરોક્ષ કોપી એ/૪ સાઈઝમાં)

૩.૧ ધો. ૧૦ ની S.S.C. બોર્ડની માર્કશીટ

૩.૨ ધો. ૧૨ ની H.S.C. બોર્ડની માર્કશીટ

૩.૩ કોલેજના ગ્રેજ્યુએશનના પ્રથમ વર્ષ પછીના વર્ષ માટે વિદ્યાર્થીની ધો. ૧૨ પછી પાસ થયેલા વર્ષની માર્કશીટ

૩.૪ એડમિશન લેટર

૩.૫ ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચ

૩.૬ કુટુંબના સભ્યોની વાર્ષિક આવકના પુરાવા / સર્ટિફિકેટ / ઈન્કમટેક્ષ રીટર્નની નકલ.

૩.૭ પોસ્ટ ગ્રેજ્યુએશન માટે અરજી કરનારે તેની છેલ્લી ગ્રેજ્યુએશન પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ તથા પ્રમાણપત્ર અવશ્ય બીડવું. (ધો.૧૦ તથા ધો.૧૨ ની માર્કશીટની જરૂર નથી)

૩.૮ C.A./C.S./ICWA ના રજીસ્ટ્રેશન કન્ફરમેશન લેટર

૩.૯ સરનામાના પુરાવા તરીકે વિદ્યાર્થી તથા પિતા / વાલીનું (સેલ્ફ એટેસ્ટેડ) લાયસન્સ/ઈલેકશન કાર્ડ / આધાર કાર્ડ / પાસપોર્ટ / ટેક્ષ બીલ - ગમે તે એકની ઝેરોક્ષ કોપી બીડવી.

૩.૧૦ ગેરંટરની વાર્ષિક આવકના પુરાવા તરીકે છેલ્લા વર્ષના રીટર્નની કોપી તથા સરનામાના પુરાવા તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ કોપી આપવી (સેલ્ફ એટેસ્ટેડ).

૪.૦ યોજનાની પદ્ધતિ :

૪.૧ ગ્રેજ્યુએશન / ડિપ્લોમા અંગેની લોન સહાય માટે વિદ્યાર્થીએ શરૂઆતમાં ફક્ત એક જ વખત અરજી કરવાની હોય છે. વિદ્યાર્થીની અરજી એકવાર મંજુર થયા પછી તેને તેના ગ્રેજ્યુએશન / ડિપ્લોમાના પૂરા અભ્યાસક્રમ દરમ્યાન દરેક સેમેસ્ટર / ટર્મની પરીક્ષા પાસ થયાની અસલ માર્કશીટ / નેટ રીઝલ્ટની પ્રીન્ટઆઉટ (એક ઝેરોક્ષ કોપી સાથે) તેમજ આગામી સેમેસ્ટર / ટર્મની ફી ભર્યાની અસલ પહોંચ (એક ઝેરોક્ષ કોપી સાથે) રજૂ કરવાથી ટ્રસ્ટના નિયમ અનુસાર મુકરર કરેલ રકમ આપવામાં આવે છે. માર્કશીટ તથા ફી ભર્યાની અસલ પહોંચ પરત કરવામાં આવશે. (દર વર્ષે નવી અરજી કરવાની જરૂર નથી).

૪.૨ ગ્રેજ્યુએશન પુરુ કર્યા બાદ પોસ્ટ ગ્રેજ્યુએશનના કોર્સ માટે નવેસરથી અરજી કરવાની રહે છે.

૪.૩ વિદ્યાર્થીને તેના અભ્યાસ માટે આપવામાં આવતી રકમ આપતી વખતે તેના પૂર્ણ અભ્યાસક્રમની થતી અંદાજીત ફી ગણીને, વિદ્યાર્થી અને સંસ્થાને અનુકુળ એવા સરળ માસિક હપ્તેથી એડવાન્સ ચેકો લેવામાં આવશે. આ એડવાન્સ માસિક હપ્તાના ચેકો વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ થતા સમયથી તેના સેટલમેન્ટ માટેના ૩ માસ ઉમેરીને થતાં મહિનાથી ૧ થી ૧૦ તારીખ સુધીની અનુકુળ તારીખના આપવાના રહેશે. એડવાન્સ ચેકો દરેક સેમેસ્ટર / વાર્ષિક ફી લેતી વખતે વિદ્યાર્થીને આપવામાં આવતી રકમની આસપાસના આપવાના રહેશે. (કમિટિ નક્કી કરે તે મુજબ)

૪.૪ આ લોન / સહાય મેળવવા માટે કુટુંબ બે કે તેથી વધુ વર્ષથી બૃહદ્ અમદાવાદના કે ગાંધીનગરના કોઈપણ એક સંઘનું સભ્ય હોવાના પ્રમાણપત્ર રૂપે આ અરજીપત્ર સાથે સામેલ ફોર્મમાં સહી કરાવી લાવવાની રહેશે.

૪.૫ લોન / સહાય લેનારે બૃહદ્ અમદાવાદ અને ગાંધીનગરમાં વસતા અને બૃહદ્ અમદાવાદ અને ગાંધીનગરમાં ટ્રસ્ટને માન્ય કોઈપણ સંઘના સભ્ય હોય તેવા કોઈ એક પ્રતિષ્ઠિત વ્યક્તિની ગેરંટી આપવાની રહેશે. જે આ અરજીપત્ર સાથે સામેલ છે. આ ગેરંટી પત્ર મુજબ ગેરંટર ટ્રસ્ટને ખાત્રી આપે છે કે જો વિદ્યાર્થી / તેનું કુટુંબ વિદ્યાર્થીને અભ્યાસક્રમ દરમ્યાન ટ્રસ્ટ પાસેથી મેળવેલ રકમ કોઈપણ કારણસર પરત કરવામાં નિષ્ફળ જશે તો તે રકમ ગેરંટરે ભરપાઈ કરાવી આપવાની રહેશે.

૪.૬ લોન / સહાય લેનાર વિદ્યાર્થીએ તેના અભ્યાસક્રમ દરમ્યાન લેવાતી યુનિવર્સિટીની બધી જ પરીક્ષાઓ પાસ કરવી ખાસ જરૂરી છે. ફેઈલ થનાર વિદ્યાર્થીની લોન / સહાય તાત્કાલિક બંધ કરવામાં આવશે અને તેણે લીધેલ રકમ તુરત જ પરત કરવાની રહેશે. આ અંગેની જવાબદારી વિદ્યાર્થીઓના પિતા / વાલી તથા ગેરંટરની રહેશે.

૫.૦ વિદ્યાર્થીએ પસંદ કરેલ અભ્યાસક્રમ અરજીપત્રક ઉપર આપેલ બ્લોકમાં વ્યવસ્થિત રીતે લખવો અને વાર્ષિક ફીની રકમમાં ફી ની રકમ સિવાય અન્ય કોઈ રકમ ઉમેરવી નહીં.

૬.૦ લોન / સહાયની રકમ :

૬.૧ લોન / સહાય માટે આવેલ અરજીઓનું કેળવણી કમિટિ પૃથ્થકરણ કરીને વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ માટે બોલાવશે અને તે સમયે હાજર રહેલા હોદ્દેદારોએ મંજૂર કરેલા અરજદારોને ટ્રસ્ટના ૬.૨ માં જણાવ્યા મુજબના નિયમ અનુસાર લોન / સહાય આપવામાં આવશે.

૬.૨ વર્ષ ૨૦૨૦-૨૧ થી અમલમાં આવેલ ટ્રસ્ટના નિયમ અનુસાર નીચે જણાવ્યાં મુજબ વાર્ષિક ફી ની કુલ રકમ લોન / સહાયરૂપે આપવામાં આવશે.

| ક્રમાંક | વિદ્યાર્થીની કોલેજની વાર્ષિક ટ્યુશન ફી ની રકમ | લોન / સહાયની વાર્ષિક રકમ | વધુમાં વધુ લોન / સહાય |
|---|---|---|---|
| ક | રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી | ફી ની પૂરેપૂરી રકમ | વધુમાં વધુ રૂા. ૪,૦૦,૦૦૦/- |
| ખ | રૂા. ૨,૦૦,૦૦૦/- થી<br>રૂા. ૬,૦૦,૦૦૦/- સુધી | રૂા. ૨,૦૦,૦૦૦/- +<br>રૂા. ૨,૦૦,૦૦૦/- થી<br>ઉપરની રકમના ૫૦ ટકા | રૂા. ૬,૦૦,૦૦૦/- ની ફી વાળાને<br>રૂા. ૪,૦૦,૦૦૦/- |
| ગ | રૂા. ૬,૦૦,૦૦૦/- થી વધુ | -------- | રૂા. ૪,૦૦,૦૦૦/- |

૬.૩ ટ્રસ્ટના લીધેલ નિર્ણયો આખરી ગણાશે અને તે અંગે કોઈપણ જાતનો વિવાદ ધ્યાનમાં લેવાશે નહીં. જે લોન/ સહાય લેનારને બંધનકર્તા રહેશે.

૭.૦ અરજીપત્રકમાં માંગેલ બધી જ વિગતો તથા તે સાથે માંગેલ પ્રમાણપત્રો વગરની અરજીઓ રદ્દબાતલ થવાને પાત્ર છે, તેમજ ભવિષ્યમાં જો વિગતો ખામીવાળી જણાશે તો તે જ વખતથી લોન / સહાય બંધ કરવામાં આવશે અને વિદ્યાર્થીએ લીધેલ પૂરેપૂરી રકમ તાત્કાલિક પરત કરવાની રહેશે.

૮.૦ અરજી કર્યા બાદ લોન / સહાય લેનાર તેનું સરનામું, ટેલીફોન નંબર, અગર ઈ-મેઈલ એડ્રેસ બદલે તો તેમને સરનામા ફેરફારની તેમજ ટેલીફોન નંબરની વિગતના ફેરફારની લેખીત જાણ ટ્રસ્ટને તાત્કાલીક કરવાની રહેશે. આવી જાણ નહીં કરનારની આગામી લોન / સહાય અટકાવવામાં આવશે.

૯.૦ લોન / સહાય લેનાર વિદ્યાર્થી જીવનમાં પ્રગતિ કર્યા બાદ ઓછામાં ઓછા એક વિદ્યાર્થીને મદદ થઈ શકે તેટલી અગર તેથી વધુ રકમ શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટને દાન તરીકે આપી આ જ્ઞાનયજ્ઞના સહભાગી થશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

૧૦. આ અરજીપત્રક ભરીને શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ - ૬૦૪, ધી લીન્ક, વિજય ચારરસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.ના સરનામે મોકલી આપવા વિનંતી છે.

તારીખ : .......................... સ્થળ : .................. વિદ્યાર્થીની સહી .................................

સાક્ષી તરીકે વિદ્યાર્થીના પિતા/વાલીની સહી .......................................

તા.ક. : અરજીપત્રકની વિગત અંગે કોઈપણ જાતનો ખુલાસો જોઈતો હોય તો નીચે જણાવેલ ગમે તે વ્યક્તિનો તેમના નામ સાથે જણાવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.

વિદ્યાર્થીએ કરેલ અરજીની એક ઝેરોક્ષ નકલ તથા આપેલ પોસ્ટ ડેટેડ ચેકની વિગત પોતાની પાસે સાચવી રાખવી ખૂબ જ જરૂરી છે, જેની નોંધ લેવી.

: માહિતી માટે સંપર્ક સૂત્રો :

**શ્રી પ્રફુલ આર. તલસાણીયા**
પ્રમુખશ્રી
૯૮૨૫૦ ૩૨૨૦૬

**શ્રી રાજેશ એચ શાહ**
માનદ્ મંત્રીશ્રી
૯૮૨૫૮ ૮૬૫૨૬